ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૨/૯૫૦૫-૪૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૦૮/૨૦૨૨

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય :- ધોરણ-૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માધ્યમ બદલવા બાબત.

સંદર્ભ:-(૧).જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ વિવિધ શાળાઓની અત્રેની કચેરીને મળેલ રજૂઆત અન્વયે.

(૨).ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.૦૨/૦૮/૨૦૨૨ની શૈક્ષણિક સમિતિ ના ઠરાવ ક્રમાંક: ૦૫/૨૦૨૨

(૩).ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.૦૨/૦૮/૨૦૨૨ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:૨૮૮/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ (૧) દર્શિત પત્રો અન્વયે ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માધ્યમ બદલવા અંગેની રજુઆતો અત્રેની કચેરીને મળેલ છે. ઉક્ત રજુઆતો ધ્યાને લઈને સંદર્ભ (૨) દર્શિત અત્રેની કચેરીના તા.૦૨/૦૮/૨૦૨૨ની શૈક્ષણિક સમિતિ ના ઠરાવ ક્રમાંક: ૦૫/૨૦૨૨ અને સંદર્ભ (૩) દર્શિત અત્રેની કચેરીના તા:૦૨/૦૮/૨૦૨૨ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:૨૮૮/૨૦૨૨ થી ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માધ્યમ બદલવા અંગેની છૂટ આપવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી. ઉક્ત વિગતે વિદ્યાર્થી, વાલીની પ્રથમ સત્રના ૩૧ જુલાઈ સુધીમાં માધ્યમ બદલવા માટે અરજી કર્યેથી, તેની વિગતોની ચકાસણી કરી મંજૂરી આપવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવેલ છે.

ઉક્ત વિગતે આપના તાબા હેઠળની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા સારું આપના કક્ષાએ વ્યવસ્થા કરવાની રહેશે.

(એન.જી.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 3909
તારીખ ૫-૮-૨૨
સહી: ...
કચેરીવડાની સહી...

બોર્ડ
૫/૮/૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ. વડોદરા.

જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.